# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# તત્ત્વ ચર્ચા - પ્રવચનસાર ગાથા ૧૧૪
# સિધ્ધ પર્યાયને કોણ જાણી શકે છે?
# તા. ૧૯૯૦, પ્રવચન ૫૭૬

પર્યાયને જાણી શકે છે. એનો અર્થ એમ થયો કે ભવ્ય પ્રાણી જ એ દ્રવ્યને જાણી શકે છે. અને ભવ્ય પ્રાણી દ્રવ્યને જાણી અને આ પાંચ પર્યાયને જાણી શકે છે. જેની પર્યાયમાં સિધ્ધ અવસ્થા થવાની છે એ જ જીવ દ્રવ્યને જાણી શકે છે. માટે પાંચમી પર્યાય લીધી. એકલી ચાર પર્યાય ન લીધી. ચાર પર્યાયને તો અભવી પણ જાણે. મુમુક્ષુ: જાણે છે ક્યાં!

પૂ. લાલચંદભાઈ: જાણે ભલે (કે) છે. પણ... આત્મબુદ્ધિ ભલે કરે. પણ એ ચાર પર્યાય, અને આ સિધ્ધ પર્યાય કેમ લીધી સાથે? કે જે ભવ્ય છે એ જ દ્રવ્યને જાણે છે અને દ્રવ્યને જાણનાર એના જ્ઞાનમાં સિધ્ધ પર્યાય પણ જણાય જાય છે. એ વિચાર આજે આવ્યો.

આ મુનિરાજની જે વાત છે ને, બહુ ગંભીર હોય છે. એમાં ભાવો બ્રહ્માંડના ભર્યા હોય છે, સંક્ષેપમાં. નહિતર ચાર પર્યાય તો બરાબર છે, સિધ્ધ પર્યાય તો અત્યારે નથી, છતાં પણ જે દ્રવ્યને જાણે છે એ જ સિધ્ધ પર્યાયને જાણી શકે છે. જે દ્રવ્યને જાણવાની તાકાત જેને નથી, (તે) સિધ્ધ પર્યાયને ક્યાંથી જાણે? ધ્યેયને જાણે છે તે સાધ્યને જાણે છે. બહુ ગંભીર વાત છે. આહાહા!

એને મોક્ષનું જ્ઞાન થઈ જાય છે. સિધ્ધ પર્યાયનું એટલે મોક્ષનું એને (જ્ઞાન થાય છે). નવ તત્ત્વોમાં મોક્ષ તત્ત્વ છે એક, એ મોક્ષ તત્ત્વનું જ્ઞાન થાય છે. સંવર નિર્જરાને તો જાણે છે. ઉદયભાવને તો જાણે છે, ચાર પ્રકારના ઉદયભાવ લીધા. એમાં આ શરીરની વાત નથી. એના ઔદયિકભાવની વાત છે, મનુષ્યને યોગ્ય, દેવને યોગ્ય ઉદયભાવ. એ એવી અશુદ્ધિને - ઉદયભાવને જાણે છે. કેમ કે સંવર-નિર્જરા પ્રગટ થયો એને જાણે છે માટે તે સિધ્ધને જાણી શકે છે. અને દ્રવ્યને જાણે તે જ પર્યાયને જાણે, એ એમાંથી નિયમ નીકળ્યો. અભવી જીવ દ્રવ્યને જાણતો નથી માટે પર્યાયને પણ જાણવાની શક્તિ એની બિડાઈ ગઈ છે, એ યથાર્થપણે જાણતો નથી. જે સિધ્ધ થવાનો છે જીવ, એ જ દ્રવ્યને જાણે છે અને દ્રવ્યને જાણનારો જે જીવ છે, એ જ પાંચ પર્યાયને જાણી શકે છે.

મુમુક્ષુ: દ્રવ્યને જાણ્યા વિના પર્યાયને જાણી જ ન શકે.

પૂ. લાલચંદભાઈ: જાણી જ ન શકે. એ તો અજ્ઞાન છે. પર્યાયાર્થિકનય જ નથી. જો દ્રવ્યાર્થિકનય નથી તો પર્યાયાર્થિકનય (પણ) પ્રગટ થતી નથી. દ્રવ્યાર્થિકનય પ્રગટ જેને હોય તેને જ પર્યાયાર્થિકનય પ્રગટ થાય છે, એ નિયમ છે. અસાધારણ વાત છે. હા. દ્રવ્યને જાણે એ પર્યાયને યથાર્થ જાણી શકે છે. તેથી પર્યાયાર્થિકનય ... પર્યાયાર્થિકનયનો જન્મ થાય છે - જ્યારે દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યને જાણે તે જ સમયે પર્યાયને જાણવાની શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ જાય છે. પર્યાયને જાણવાની શક્તિ હતી પણ (એ) વ્યક્ત ન હતી. દ્રવ્યને જાણ્યું (તો) પર્યાયને યથાર્થપણે જાણવાની પર્યાયાર્થિકનય પ્રગટ થાય છે. અને એ પર્યાયાર્થિકનય વડે ચાર ઔદયિકભાવ અને

મોક્ષની પર્યાયને જાણે છે. આહાહા!

કારણ કે પાંચ પર્યાયમાં એ દ્રવ્ય રહેલું છે. એમ, દ્રવ્ય છે એ પાંચ પર્યાયની બહાર નથી; કર્મમાં નથી, શરીરમાં નથી, ઘરમાં નથી, કુટુંબમાં નથી. ભગવાન આત્મા એની પાંચ પર્યાયની મધ્યમાં રહેલો છે. ચાર પર્યાયની મધ્યમાં ન લીધું.

મુમુક્ષુ: પાંચ પર્યાયની.

પૂ. લાલચંદભાઈ: (હા). એક અશુધ્ધ પર્યાય લીધી અને એક પૂર્ણ શુધ્ધ પર્યાય લીધી, બસ. એના પેટામાં બધી સંવર-નિર્જરા (ની પર્યાય) આવી જાય.

મુમુક્ષુ: આ વાત સારી લાગી! આ વાત બહુ સુંદર લાગી કે ભવ્ય જીવ જ દ્રવ્યને જાણે છે. એ જ પર્યાયને જાણે છે વારંવાર.

પૂ. લાલચંદભાઈ: અભવી જીવને દ્રવ્યને જાણવાની શક્તિ જ નથી. કોઈ દિવસ નહિ જાણે. તો જે દ્રવ્યને નથી જાણતો એ તો પર્યાયને જાણતો જ નથી - એક વાત. બીજું, જો ભવ્ય પણ હોય, સમજો ભવ્ય હોય તો જ્યાં સુધી દ્રવ્યને નથી જાણતો, ત્યાં સુધી પર્યાયને (પણ) નથી જાણતો. ભવી પણ હોય તો પણ શું? દ્રવ્યાર્થિકનય પણ નથી અને પર્યાયાર્થિકનય પણ નથી. એ જ્ઞાનના બે અંશ છે, સમ્યગ્જ્ઞાનના બે અંશ છે. શાસ્ત્રજ્ઞાનના બે અંશ નથી.

શાસ્ત્રજ્ઞાનના બે અંશ નથી. અનુભવરૂપ સમ્યગ્જ્ઞાનના બે અંશ છે. દ્રવ્યને જાણવાના સમયે જ પર્યાયને જાણવાની શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ જાય છે. પર્યાયને યથાર્થપણે જ્ઞાન જાણે છે. પર્યાયનું જેવું સ્વરૂપ છે, જે ગતિમાં, જે ગતિ હોય, જે ઉદયભાવ હોય એને જ્ઞાન બરાબર જાણે છે. વાદળ આવી જાય તો વાદળને જાણે છે કે નહિ જ્ઞાન? જાણે છે એમાં શું છે? વાદળ આવ્યો, વિખરાઈ ગયો, બસ જાણે છે જ્ઞાન. ગ્રહસ્થ ને વાદળ આવે છે, એ જાણે છે (પણ) મારું સ્વરૂપ છે એમ નથી જાણતો. જાણે છે, બસ એટલું જ. મર્યાદા - જાણે છે. આવ્યો છે, ગયો, આવ્યો-ગયો (એમ) જાણે છે બસ. જાણવું! એ ઉદયભાવને જાણે છે. કેમ? (કેમકે) ઉદયભાવમાં દ્રવ્ય સ્થિત છે અંદરમાં. ઉદયભાવ પોતે દ્રવ્ય નથી. એ વિશેષની અંદર સામાન્ય ગર્ભિત છે. તો સામાન્યને જાણતા-જાણતા એના વિશેષને જાણે છે. એ વિશેષ એનો છે. જીવનો વિશેષ છે, પુદ્ગલનો વિશેષ નથી. પુદ્ગલનો વિશેષ નથી, જીવનો વિશેષ છે.

મુમુક્ષુ: 'જાણે છે' એમાં જ એ થયું કે જીવનો જ વિશેષ છે.

પૂ. લાલચંદભાઈ: હા! જીવનો (વિશેષ છે) કેમ કે પરને જાણવાની તો ચક્ષુ જ નથી. ઉડાવી દીધુંને! પરને જાણવાની તો ત્રીજી ચક્ષુ જ નથી. તો એ જીવનો પરિણામ છે. જીવનો પરિણામ હોવાથી, જીવ, જીવના પરિણામને જાણે છે.

મુમુક્ષુ: જાણે છે, એનાથી જ સિધ્ધ થાય છે કે એ જીવનો જ છે.

પૂ. લાલચંદભાઈ: જીવનો જ છે, બસ.

મુમુક્ષુ: પાંચેય ભાવ જીવના જ છે.

પૂ. લાલચંદભાઈ: જીવના છે.

મુમુક્ષુ: સ્વતત્ત્વ છે ને!

પૂ. લાલચંદભાઈ: સ્વતત્ત્વ (છે), બરાબર છે.

મુમુક્ષુ: તત્ત્વાર્થ સૂત્ર!

પૂ. લાલચંદભાઈ: હા! બરાબર છે. કેમ? (કેમ)કે પ્રવચનસાર છે આ. આ પ્રવચનસાર શાસ્ત્ર છે અને (એનો) જ્ઞેય અધિકાર છે, ચાલે છે. એ પાંચે પર્યાયને સ્વજ્ઞેયમાં નાખ્યું. આ, સંધ્યા, મધ્યસ્થ થયા વગર જીવને પ્રાપ્તિ થતી નથી. પક્ષપાત ન હોવો જોઈએ, બસ. જેવું સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવ્યું, સંતોએ શાસ્ત્ર લખ્યા, તેવું જ જ્ઞાનીને જણાય છે. સાધકને પણ તેવું જ જણાય છે કે આ સ્વતત્ત્વ છે. કેમ કે પરને જાણવાની તો વાત અહીંયાં છે જ નહિ. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય - નય બે છે. તો દ્રવ્યને જાણે એવી દ્રવ્યાર્થિકનયને જાણી લીધી આત્માએ. જાણ્યું, તો એક શક્તિની વ્યક્તિ એવી પ્રગટ થઈ ગઈ કે પોતાના પરિણામને પણ જ્ઞાન જાણે છે. પાંચ પર્યાયને જાણે છે કેમ કે પાંચ પર્યાયની મધ્યમાં ભગવાન આત્મા બિરાજમાન છે. પાંચ વિશેષોની અંદર જ સામાન્ય સ્થિત છે. સામાન્ય વિશેષથી બહાર નથી. વિશેષથી બહાર નથી તો એ વિશેષને જ જાણે છે. વિશેષની બહારને જાણતો નથી કેમ કે જેમાં દ્રવ્ય છે, જે પર્યાયમાં (દ્રવ્ય છે) એ પર્યાયને જાણે છે. (એનાથી) આગળ જ્ઞાન જતું નથી આને (પર ને) જાણવા માટે. એને (પરપદાર્થને) જે જાણે છે એવી જ્ઞાનની પર્યાયને જાણે છે. પરપદાર્થને જાણે છે એવી જ્ઞાનની જે પર્યાય છે, એ તો સ્વતત્ત્વમાં છે. તો એ પર્યાય તો જીવની છે. એ પર્યાયને જાણે છે, બસ. નૈમિત્તિકભૂત જ્ઞેયને જાણે છે, નિમિત્તભૂત જ્ઞેયને નથી (જાણતો).

મુમુક્ષુ: કેમ કે નૈમિત્તિકભૂત જ્ઞેયમાં આત્મા છુપાયેલો છે.

પૂ. લાલચંદભાઈ: હા! એમાં આત્મા છે. તો જેમાં આત્મા છે એ આત્માના જ પરિણામને, પરિણામને જ્ઞાન જાણે છે, બસ. બહાર જવાનો પ્રશ્ન જ નથી. પ્રમાણથી બહાર જવું નહિ (એવું) એમાંથી નીકળે છે. જિનાગમ બહુ ગંભીર રહસ્યમયી છે.

દૃષ્ટિ તો થઈ ગઈ, દ્રવ્યદૃષ્ટિ તો થઈ ગઈ એને. એ તો દ્રવ્યને જાણવા પછીની વાત છે. જ્ઞાની તો થઈ ગયો; તો પર્યાયને જાણવાથી અજ્ઞાની થતો નથી. પર્યાયને 'મારી પર્યાય છે' તો (એમાં) આત્મબુદ્ધિ કરે તો અજ્ઞાની બને છે; 'પર્યાયનો હું કરનાર છું' તો અજ્ઞાની થઈ જાય છે; પણ (તે) દ્રવ્યને જાણતા-જાણતા પર્યાયને જાણે છે. દ્રવ્યને છોડીને પર્યાયને જાણતો નથી. હા! દ્રવ્યાર્થિકચક્ષુ બંદ કરો એમ કહ્યું. એનો અર્થ (આ છે) કે આ પરિણતિ તો રહી ગઈ પણ ઉપયોગ છૂટી ગયો. ઉપયોગ ભેદ ઊપર આવ્યો, એમ છે.

મુમુક્ષુ: દૃષ્ટિ છૂટી ગઈ એમ નથી.

પૂ. લાલચંદભાઈ: દૃષ્ટિ બિલકુલ છૂટતી નથી. (દૃષ્ટિ છૂટી જાય) તો તો પર્યાયાર્થિકનય ન રહી, તો તો અજ્ઞાન થઈ ગયું. હા! એ પર્યાયાર્થિકનય તો સમ્યગ્જ્ઞાનનો અંશ છે. પર્યાયાર્થિકનય છે એ સમ્યગ્જ્ઞાનનો અંશ છે. મિથ્યાજ્ઞાનમાં પર્યાયાર્થિકનય ન હોય; નિશ્ચયનય અને વ્યવહારનય, બે માંથી કોઈ ન હોય.

મુમુક્ષુ: શાસ્ત્રજ્ઞાનમાં પર્યાયાર્થિકનય ન હોય.

પૂ. લાલચંદભાઈ: ન હોય. શાસ્ત્રજ્ઞાનમાં ન હોય. આત્મજ્ઞાનમાં હોય. આત્મજ્ઞાનમાં

દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય બે ભેદ પડે છે, બરાબર છે! છે કે નહિ? એવું છે ને!

આપણને તો સ્વાધ્યાય કરવો છે તો પૂરો સ્વાધ્યાય કરવો! એમણે જે તાડપત્ર ઊપર લખ્યું, તો એ લખવાની મહેનત તેમણે કરી. તો આપણે સમજવાની મહેનત તો કરવી જ જોઈએ, બસ! એ સમજાઈ જાય એવી વાત છે. ન સમજાય એવી વાત નથી કોઈ. સાધારણ વાત છે. કોઈ એવી કોઈ અઘરી વાત નથી. કઠિન નથી.

આજે (પ્રવચનસાર ગાથા) ૧૧૪નું જે આવવાનું છે ને, એનો સ્વાધ્યાય થઈ ગયો. આવવાનું હોયને, એનો વિચાર ચાલે. આહાહા! ભવી (દ્રવ્યને) જાણે છે. અભવી દ્રવ્યને જાણતો નથી.

મુમુક્ષુ: તમે આ બહુ સારી વાત કહી.

પૂ. લાલચંદભાઈ: એ ભવીએ દ્રવ્યને જાણી લીધું, એ સિદ્ધ પર્યાયને જાણે છે. આહાહા! આ ચાર પર્યાય તો ગૌણ થઈ જાય છે. છે, બસ. છે - એટલું જ. આહાહા! દ્રવ્ય - પોતાનું સામાન્ય, પોતાના વિશેષમાં છે. પોતાનું જે સામાન્ય છે તે પોતાના વિશેષમાં જ છે. પોતાના વિશેષથી બહાર (સામાન્યને) શોધો, (તો) સામાન્ય મળતું નથી.

મુમુક્ષુ: બરાબર! કેમ કે છે જ નહિ સામાન્ય; વિશેષની બહાર સામાન્ય નથી.

પૂ. લાલચંદભાઈ: નથી. જો સોનું જોઈએ, તો સોનાનાં ઘાટમાં, પરિણામમાં, સોનું શોધી શકાય છે. સોનીમાં સોનું નથી અને કબાટમાં સોનું નથી. કબાટ સમજ્યા? એમાં નથી. અને ડબ્બીમાં? ડબ્બીમાં સોનું નથી, સોનું. સોનું તો એના પરિણામની મધ્યમાં છે. પરિણામને ગૌણ કરો તો સોનું દૃષ્ટિમાં આવી જાય છે. સોનું દૃષ્ટિમાં આવ્યું તો આ સોનાનું પરિણામ છે - એવું જ્ઞાન (થઈ જાય છે). આ સોનાનું પરિણામ છે, આ લોખંડનું પરિણામ (નથી). તો ચારગતિ અને સિદ્ધગતિ એ જીવના પરિણામ છે. અજીવના પરિણામ નથી.

મુમુક્ષુ: એટલે કે જીવને જાણ્યા પછી જીવના પરિણામનું જ્ઞાન થાય છે.

પૂ. લાલચંદભાઈ: સાચું જ્ઞાન થાય છે. (જે) જીવને નથી જાણતો એ તો પરિણામને (પણ) નથી જાણતો. એ તો અજ્ઞાન છે ને! અજ્ઞાનમાં બે નય ક્યાં છે? શાસ્ત્રજ્ઞાનમાં નય ન હોય. આત્મજ્ઞાનની સાથે જ નયનો જન્મ થઈ જાય છે, અનુભૂતિના કાળે.

મુમુક્ષુ: સોનાને જાણે તો સોનાના પરિણામનું જ્ઞાન થાય છે.

પૂ. લાલચંદભાઈ: હા! ડબ્બીને જાણે તો?

મુમુક્ષુ: નહિ થાય.

પૂ. લાલચંદભાઈ: કેમ કે ડબ્બીમાં સોનું છે જ નહિ. સોનું પોતાના વિશેષમાં છે, અને વિશેષ પણ પોતાનું છે, સોનાનું; એ વિશેષમાં સોનું છે. હા! એટલું ખરું કે પહેલા સોનાનું પરિણામ જે છે એને જાણવું બંધ કરી દે અને સોનાને જોઈ લે. પછી સોનું જોયા પછી, અરે! આ તો સોનાનું પરિણામ છે, લોખંડનું પરિણામ નથી.

મુમુક્ષુ: પછી પરિણામને જાણવું જ છે, તો પહેલા પરિણામનું જાણવું બંધ કેમ કરાવો છો?

પૂ. લાલચંદભાઈ: કેમ કે સમ્યક્ રૂપે પરિણામને નથી જાણી શકતો, પરિણામમાં આત્મબુદ્ધિ કરી લ્યે છે. દેવગતિમાં, મનુષ્યગતિમાં આત્મબુદ્ધિ કરે છે. પહેલા એને બંધ કરી દે,

પર્યાયાર્થિકચક્ષુ(ને) બંધ કરી દે.

જાણેલાનું શ્રદ્ધાન થઈ જશે - એને (પર્યાયાર્થિક ચક્ષુને) બંધ કરી દે, અને ઉઘાડેલા ચક્ષુ વડે દ્રવ્યને જાણ તો દ્રવ્યમાં આત્મબુદ્ધિ થઈ, સમ્યગ્જ્ઞાન થયું, અનુભવ થયો. અનુભવ થતાવેંત એક બીજી પર્યાયને જાણનારું જ્ઞાન સાથે-સાથે પ્રગટ થાય છે.

આ બધું અનુભૂતિના કાળે, નિશ્ચયનય-વ્યવહારનય-પ્રમાણજ્ઞાન, આ બધાનું અંદરમાં જ જન્મ થાય છે. એક સમયમાં, હોં! જ્ઞાનની પર્યાય તો એક છે, એના નામ ત્રણ છે. વિષયભેદે નામભેદ છે, બાકી જ્ઞાનની પર્યાય તો એક જ છે. એ જ્ઞાતાના અભિપ્રાયથી નામ બદલી જાય છે. જ્ઞાતાનો જે અભિપ્રાય છે, કે પર્યાયને જાણે તે પર્યાયાર્થિકનય - તો નામ બદલી ગયું; અને દ્રવ્યને જાણે તે દ્રવ્યાર્થિકનય; (અને) બન્નેને જાણે તે પ્રમાણ.

મુમુક્ષુ: જ્ઞાનની પર્યાય તો એક જ છે.

પૂ. લાલચંદભાઈ: એક જ છે. સમય એક, પર્યાય એક અને એના વિષય ત્રણ. આહાહા! પણ ભેદ નથી. જ્ઞાનની પર્યાય જણાતી નથી, જ્ઞાયક જણાય છે. ખલાસ! જો જ્ઞાનની પર્યાય જણાય તો નિશ્ચયનય અને વ્યવહારનય અને પ્રમાણ (થઈ ગયું). પણ અનુભવના કાળે ભેદ નથી જણાતો, અભેદ જણાય છે. જ્ઞાનની પર્યાય નથી જણાતી. એ તો પર્યાયાર્થિકચક્ષુ બંધ થઈ જાય છે એ સમયે. ભેદ ઉપર લક્ષ નથી. ભેદ ઉપર લક્ષ છે ત્યાં સુધી અનુભવ થતો નથી. એવી ચીજ છે બોલો!

ખરેખર કુંદકુંદ ભગવાનના શાસ્ત્રો અદભૂત છે. એનું કારણ છે (કે) સીમંધર ભગવાન પાસે જઈને આવ્યા અને આપણા માટે માલ લાવ્યા અને ગુરુદેવે એ ડબ્બા ખોલીને આપણને ખવડાવ્યો માલ. આહાહા! ભલે કુંદકુંદ ભગવાન લાવ્યા પણ જો ગુરુદેવ ન મળ્યા હોત તો આનો ઉકેલ કરનાર કોઈ નહિ. ભલે ઉકેલ કરનાર કેટલાક જ્ઞાનીઓ થઈ ગયા પૂર્વે; એણે પોતાની શક્તિ અનુસાર ઘણા ખુલાસા કર્યા છે, ગૃહસ્થી જ્ઞાનીઓએ. પણ આ (ગુરુદેવ) ગૃહસ્થી જ્ઞાની હોવા છતાં તેમની જે સ્પષ્ટીકરણ અને ચોખવટ કોઈ જુદા પ્રકારની, વિશિષ્ટ પ્રકાર, જેને કહેવાય વિશિષ્ટ પ્રકાર, ખાસ પ્રકાર. શક્તિશાળી પુરુષ થઈ ગયા.

બરાબર છે ને, કેમ કે અભવી જીવ, દ્રવ્યને તો જાણી શકતો નથી.

મુમુક્ષુ: એ સિદ્ધ પર્યાયને ક્યાંથી જાણે?

પૂ. લાલચંદભાઈ: ક્યાંથી જાણે?

મુમુક્ષુ: બહુ સરસ વાત છે. કેમ કે પોતાની સિદ્ધ પર્યાયને જાણે છે ને!

પૂ. લાલચંદભાઈ: પોતાની વાત છે, પરની વાત નથી.

મુમુક્ષુ: પરની તો વાત નથી.

પૂ. લાલચંદભાઈ: હા! પોતાનું દ્રવ્ય અને પોતાના દ્રવ્યની પર્યાય, બસ! આ બે વચ્ચેની વાત છે. બહારની વાત તો છે જ નહિ.

એ તો પરને જાણનારું જ્ઞાન જ નથી. ત્યાં તો બંધ કરી દીધું છે. કાં દ્રવ્યને જાણે અને કાં પર્યાયને જાણે, બહુ આગળ વધે તો દ્રવ્ય પર્યાયને યુગપદ જાણે, બસ! પ્રમાણની બહાર તો જવાની મનાઈ સખત કરી (છે). જ્ઞાન જ નથી, એમ કહે છે, પરને જાણનારું જ્ઞાન જ નથી - ત્યાં સુધી ગુરુદેવે

કહ્યું! કેમ કે અહીંયાં તો વર્તુળમાં જ એનું જ્ઞાન રોકાય છે; વર્તુળમાં - દ્રવ્યમાં અને દ્રવ્યમાંથી પાછું પર્યાયમાં, પાછું પર્યાયમાંથી પાછું દ્રવ્યમાં, બસ એટલામાં જ, જાણવાનું વર્તુળ એનું બસ. ઉપાદેય તો દ્રવ્ય જ છે, પણ જાણવાનું વર્તુળ દ્રવ્ય-પર્યાય બન્ને (છે).

મુમુક્ષુ: સામાન્યને જાણતા-જાણતા વિશેષને જાણે છે, તેથી તેમાં એકત્વબુદ્ધિ થતી નથી.

પૂ. લાલચંદભાઈ: નથી થતી.

મુમુક્ષુ: પોતાના પરિણામ જાણવા છતાં તેમાં એકત્વબુદ્ધિ નથી થતી.

પૂ. લાલચંદભાઈ: નથી થતી કેમ કે અહમ્ સામાન્યમાં આવી ગયો. સામાન્યમાં અહમ્ આવ્યો, સ્વ-સ્વામી સબંધ સામાન્ય સાથે આવ્યો, સામાન્ય મારો સ્વ અને હું એનો સ્વામી. પર્યાય મારું સ્વ અને હું એનો સ્વામી - એમ છે જ નહિ. સ્વ-સ્વામી સબંધ નથી. દ્રવ્ય સાથે નિશ્ચયથી છે અને વ્યવહારથી પર્યાય સાથે હો તો વ્યવહારથી જાણે છે, બસ - પર્યાય જીવની છે બસ. આ જીવદ્રવ્યની પર્યાય છે કેમ કે અહીંયાં જીવદ્રવ્ય લીધું છે, જીવતત્ત્વ નથી લીધું. આ દ્રવ્યની પર્યાય છે. જ્ઞેય અધિકાર છે. ધ્યેય પૂર્વક જ્ઞેય થાય છે.

મુમુક્ષુ: જ્ઞેયની વાત છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞેયની વાત છે. ધ્યેયનો અધિકાર નથી - આ સમજવું જોઈએ.

મુમુક્ષુ: તેથી આખું સામાન્ય-વિશેષાત્મક, આખી વસ્તુ છે.

પૂ. લાલચંદભાઈ: પૂરું જ્ઞાન થઈ જાય છે, બસ. જ્ઞાનનો તો સ્વભાવ છે (કે) પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જેમ છે તેમ જાણે. આવું જાણવામાં તો કોઈ દોષ નથી. દ્રવ્યને જાણ્યા પછી પરિણામને જાણે છે જ્ઞાન, બસ! આગળ-પાછળ નથી કરતો, જાણે છે. આહાહા! જાણે છે, એમાં સત્ નો સ્વીકાર છે; કરવામાં સત્ નું ખૂન છે. આત્માનો સ્વભાવ જાણવું છે બસ, જ્ઞાતા છે, બસ. કેવળ જાણનાર છે ને! બસ! કેવળ જ્ઞાનમાત્ર સ્વભાવ. આત્માનો સ્વભાવ કેવળ જ્ઞાનમાત્ર - એવો શબ્દ છે. છે ને એમાં, (સમયસાર ગાથા) ૩૨૦ માં છે. કેવળ જ્ઞાનમાત્ર સ્વભાવ.

સિદ્ધપર્યાય(ને) જોડી દીધીને સાથે તેથી ભવ્ય થઈ ગયો.

મુમુક્ષુ: ભવ્યને જ હોય છે ને!

પૂ. લાલચંદભાઈ: ભવ્યને હોય છે. અને ભવી દ્રવ્યને જાણે છે તો એ સિદ્ધ પર્યાયને જાણે છે. નવતત્ત્વમાં મોક્ષનું જ્ઞાન થઈ ગયું એને.

મુમુક્ષુ: અભવ્ય દ્રવ્ય સ્વભાવને જ જાણતો નથી તો પર્યાયને, સિદ્ધ પર્યાયને ક્યાંથી જાણે?

પૂ. લાલચંદભાઈ: ક્યાંથી જાણે?

કેવળજ્ઞાનને ક્યાંથી જાણે? મોક્ષ થયો એ ક્યાંથી ખબર પડે એને? આહાહા!

યથાર્થ વાત છે. આ જૂઠ-મૂઠ નથી મૃગજળ ની માફક. મોક્ષનું જ્ઞાન થઈ જાય છે, બોલો. મોક્ષનું શ્રદ્ધાન તો થાય છે પણ મોક્ષનું જ્ઞાન થાય છે. મોક્ષ પર્યાયનું શ્રદ્ધાન એ તો વ્યવહાર છે; પણ મોક્ષ પર્યાયનું જ્ઞાન થઈ જાય છે એ નિશ્ચય છે, એ પ્રત્યક્ષવત્ દેખાય છે.

મુમુક્ષુ: માટે નિશ્ચય છે.

પૂ. લાલચંદભાઈ: માટે નિશ્ચય છે. પ્રત્યક્ષવત્ (દેખાય છે). એ કહી શકે છે કે આજે મોક્ષ, મને

મોક્ષનાં દર્શન થઇ ગયા, કેવળજ્ઞાનનાં દર્શન થઇ ગયા. બોલો!

આત્મા, સાધક આત્મા પોતાની ભાવનામાં પડે છે જ્યારે, ત્યારે જાણે સાક્ષાત્ કેવળજ્ઞાન થયું હોય કે સાક્ષાત્ મોક્ષ થયું હોય, શું શબ્દ છે? શબ્દ છે કાંઇક.

મુમુક્ષુ: કેવળી થઇ ગયો હોય સાક્ષાત્.

પૂ. લાલચંદભાઈ: જાણે સાક્ષાત્ કેવળી જ થો હોય (સમયસાર કળશ ૩૧). હા! કેવળી શબ્દ છે ને? બરાબર ને? ભાવાર્થમાં છે ને? સાક્ષાત્ કેવળી જ થઇ ગયો હોય. બોલો! સાક્ષાત્ કેવળી બહુ ગજબ શબ્દ લખ્યો. હેં? કેમ કે શ્રુતજ્ઞાનમાં એનું, શ્રુતજ્ઞાનની પર્યાયમાં એનું જ્ઞાન થઇ જાય છે. જે ભાવિ પર્યાય પ્રગટ થવાની છે, અત્યારે શક્તિરૂપે છે. શક્તિરૂપે હોવા છતાં સત્ છે અને એનું જ્ઞાન બરાબર થઈ જાય છે. આહાહા! કેમ થયું એનું જ્ઞાન? પ્રગટ તો છે નહિ. પ્રગટ તો છે નહિ, ઉત્પાદ તો નથી તો પણ એ ઉત્પાદ પર્યાયને જાણી લીધું. કેમ કે દ્રવ્યમાં પડી છે. તો દ્રવ્ય ઊપર દૃષ્ટિ ગઈ, તો દ્રવ્યમાં પડેલી જ્ઞાનની પર્યાયનું જ્ઞાન થઈ જાય છે. ખ્યાલ આવ્યો?

મુમુક્ષુ: હા! દ્રવ્યમાં તે શક્તિરૂપે છે અત્યારે. તો એનો ઉત્પાદ તો થશે ભવિષ્યમાં. છતાં દ્રવ્ય ઊપર દૃષ્ટિ ગઈ તો દ્રવ્યમાં જે શક્તિ પડી છે, તેનું પણ જ્ઞાન થઈ જાય છે.

પૂ. લાલચંદભાઈ: હા! આહાહા!

પાત્ર જીવને બેસે એવી વાત છે. આહાહા! પર્યાયાર્થિકનય વડે એણે સાક્ષાત્ મોક્ષની પર્યાયને જાણી લીધી. આહાહા! સિધ્ધ પર્યાયનું જ્ઞાન થઇ ગયું. પણ પ્રભુ! પ્રગટ નથી ને? તે પ્રગટ થાય એનું જ જ્ઞાન હોય અને અપ્રગટ હોય એનું જ્ઞાન ન હોય એમ બને? પ્રગટ-અપ્રગટ બધી પર્યાયોને જાણી લે છે જ્ઞાન, તાકાત એવી છે. વ્યય થયેલી પર્યાય, શક્તિરૂપ પર્યાય, બધાંને જાણે છે.

મુમુક્ષુ: જાણે છે.

પૂ. લાલચંદભાઈ: જાણે છે, (એ) જ્ઞાનની પર્યાયની તાકાત છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન - ત્રણેકાળની પર્યાયનો પિંડ જે દ્રવ્ય છે, એને જાણે છે. દ્રવ્યને જાણ્યું તો એમાં પર્યાયનું જ્ઞાન આવી ગયું, એમાં આવી જાય છે. થઇ ગયું, થઇ જાય છે.

મુમુક્ષુ: આ બહુ સરસ વાત કહી. ભવ્યને દ્રવ્યદૃષ્ટિ થઈ, દ્રવ્યનું જ્ઞાન થયું, તો દ્રવ્યમાં જે શક્તિરૂપ છે અથવા જે યોગ્યતારૂપ જૂની કે ભૂતકાળની (પર્યાય) બધાનું જ્ઞાન થઇ જ જાય છે.

પૂ. લાલચંદભાઈ: થઈ જ જાય છે, automatic (આપોઆપ) થઈ જાય છે. દ્રવ્યમાં યોગ્યતા અને દ્રવ્યમાં શક્તિ - બન્નેનું જ્ઞાન થઈ જાય છે. કેમ કે દ્રવ્યમાં યોગ્યતા અને શક્તિ, (બન્ને) દ્રવ્યમાં પડી છે ને, ભલે ઉત્પાદ-વ્યય ન હોય અત્યારે; દ્રવ્યને જાણ્યું તેણે બધું જાણી લીધું - એવો પાઠ છે.

જેણે આત્મા જાણ્યો એણે બધું જાણ્યું! **एगम णाणे सो सव्व णाणं** -એમ કાંઇક આવે છે. એકને જાણે - આત્માને, એણે બધાને જાણી લીધું (પ્રવચનસાર ગાથા ૪૮-૪૯). બોલો આ સિધ્ધ પર્યાયમાંથી આટલું નીકળે છે. પર્યાયાર્થિકનયથી સિધ્ધ પર્યાયને જાણે છે, બોલો! પાંચ પર્યાયને જાણે છે જ્ઞાન. એમાં એમ નથી લખ્યું કે ચારને જાણે અને સિધ્ધને (પર્યાયને) ન જાણે. (સિધ્ધ) પર્યાય લીધી છે કે નહિ? યથાર્થ વાત છે. રહસ્યવાળી વાત છે. આહાહા! કુંદકુંદ ભગવાનની વાણી ટંકોત્કીર્ણ છે.

મુમુક્ષુ: અને એનું સ્પષ્ટીકરણ પણ આપ કેટલું અંદર જઇને ઓહોહો! 'કેમ લખ્યું છે? સિધ્ધ

પર્યાય કેમ લીધી છે?' ઓહો!

પૂ. લાલચંદભાઈ: સિદ્ધ પર્યાય તો છે નહિ, ચાર પર્યાય છે. તો ચાર પર્યાયને સાધક જાણે છે. સિદ્ધ પર્યાય લેવાનું કારણ શું?

મુમુક્ષુ: સાધક થયો છે તો સિદ્ધ તો થવાનો જ છે, તેથી સિદ્ધ પર્યાયને જાણે છે. સાધકને જ સિદ્ધ પર્યાયનું જ્ઞાન થાય છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન થાય છે.

મુમુક્ષુ: અને સાધકને દ્રવ્યસ્વભાવનું જ્ઞાન થયું તેથી તો સાધક થયો. તેથી તેને સિદ્ધ પર્યાયનું પણ જ્ઞાન થાય છે. બહુ સરસ વાત છે. જેને ધ્યેયનું જ્ઞાન થયું તેને જ સાધ્યનું જ્ઞાન થાય છે.

પૂ. લાલચંદભાઈ: સાધ્યનું જ્ઞાન થાય છે, બસ. ધ્યેયને જાણ્યું નહિ તો સાધ્યને જાણતો નથી. અભવ્ય જાણતો નથી. અભવ્યના બે પ્રકાર છે - એક ત્રિકાળ અભવ્ય અને એક વર્તમાનમાં સમ્યગ્દ્રષ્ટિ નથી, એ પણ અભવ્ય છે. ભવ્યભાવરૂપે પરિણમન નથી (તો એને) અભવ્ય કહી શકાય છે. હા! એવું છે. એવો પ્રયોગ ન કરવો, પણ છે, એવું છે.

ભવ્યભાવના પરિણમન ન થાય, જ્યાં સુધી એનું ભવ્યભાવરૂપે પરિણમન નથી ત્યાં સુધી અભવ્ય છે. 'અ + ભવ્ય' એટલે ઓલો અભવ્ય નહિ. 'અ + ભવ્ય' (એટલે) ભવ્યરૂપે પરિણમન હજી નથી થયું, એમ. એમ. જેમકે સાધકના જ્ઞાનને પણ અજ્ઞાન કહેવાય, એમ. જ્ઞાન છે પણ છતાં અજ્ઞાન - પૂર્ણ જ્ઞાન (નથી) તે અપેક્ષાએ. એ આ છે તો ભવી પણ ભવીભાવરૂપે - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમન નથી થયું, તો એને પણ કોઈ અપેક્ષાએ અભવ્ય કહ્યો છે.

આ તો સાધક આત્માને જેણે જાણ્યો એણે સિદ્ધ પર્યાયને જાણે છે. પાંચ પર્યાયને જાણે છે બોલો, પાંચેય પર્યાયને જાણે છે એમ લખ્યું. એમાં ચારને જાણે છે અને સિદ્ધ પર્યાયને નથી જાણતો એમ નહિ. પર્યાયાર્થિકનયથી પાંચેય પર્યાયને જાણે છે તે, બોલો! પણ હોય એને જાણે, ન હોય એને ક્યાંથી જાણે? જ્ઞાનમાં જ્ઞેય થાય છે, જ્ઞાનમાં જ્ઞેય થાય છે. એ પાંચેય જ્ઞેય થઈ જાય છે. ભલે ક્રમે-ક્રમે થાય એ જુદી વાત છે. પણ એનો વિષય, સમ્યગ્જ્ઞાનનો વિષય પાંચ પર્યાય છે.

બહુ ગંભીર વાત છે. આહાહા! બેસવી જ કઠણ (પડે) પહેલાં તો. કે આ શું વાત કરો છો? સિદ્ધ પર્યાય, (આ) તો પંચમ કાળ છે, કેવળજ્ઞાન તો છે નહિ, અને કેવળજ્ઞાનનું જ્ઞાન થાય? કહે કે હા! કેવળજ્ઞાનનું જ્ઞાન થાય એને સમ્યગ્જ્ઞાન અમે કહીએ છીએ, બોલ! આવી વાત છે.

મુમુક્ષુ: સાચી વાત છે.

પૂ. લાલચંદભાઈ: એકદમ સાચી છે.

મુમુક્ષુ: એકદમ સાચી વાત છે! જે છે એને જાણે છે.

પૂ. લાલચંદભાઈ: હા!

મુમુક્ષુ: કેવળજ્ઞાનની પર્યાય છે શક્તિરૂપે, એને જાણે છે.

પૂ. લાલચંદભાઈ: એ તો જાણે છે, જાણે છે. બરાબર જાણે છે. જાણવામાં વ્યક્તને જાણે અને અવ્યક્તને ન જાણે, એવું જ્ઞાન નથી. જ્ઞાન તો બધાને જાણે, વ્યક્ત-અવ્યક્ત બધાને જાણે. તેથી સિદ્ધ પર્યાય લઈ લીધી, બોલો! આહાહા! કેટલો ગંભીર પાઠ બનાવ્યો.

ચાર ગતિ અને સિધ્ધ પર્યાય, પાંચ પર્યાયમાં - વિશેષમાં, એનું વિશેષ છે, એમાં સામાન્ય રહેલું છે. તે સામાન્યને જોયા પછી તે સામાન્યની પાંચ પર્યાય-એનું જ્ઞાન થઈ જાય છે, બોલો! આહાહા! સંધ્યા, ગજબ વાત છે; કુંદકુંદની વાણી અને અમૃતચંદ્રાચાર્યની ટીકા - ન ભૂતો ન ભવિષ્યતિ. ગુરુદેવ ફરમાવતા હતા-આ ટીકા છે અમૃતચંદ્રાચાર્યની, ન ભૂતો ન ભવિષ્યતિ. કુંદકુંદ આચાર્ય ભગવાન માટે કોઈ વિદ્વાને કહ્યું છે - ન થયા, ન થશે કુંદકુંદ જેવા.

મુમુક્ષુ: ન થયા, છે ન થશે મુનીન્દ્ર કુંદકુંદ જેવા.

પૂ. લાલચંદભાઈ: હા! મુનિન્દ્ર કુંદકુંદ બસ એ શબ્દ છે. સરસ છે તે. કુંદકુંદ મુનિ જેવા થયા નથી અને થશે પણ નહિ.

મુમુક્ષુ: ન છે, ને થશે.

પૂ. લાલચંદભાઈ: ન છે, ન થશે. અત્યારે નથી અને થશે નહિ, ન થયા.

મુમુક્ષુ: પૂર્વે પણ નથી થયા?

પૂ. લાલચંદભાઈ: હા! કેમ કે ત્રીજું નામ એમનું છે.

મુમુક્ષુ: હા! બોલો! ગૌતમ ગણધર પછી.

પૂ. લાલચંદભાઈ: આહાહા! અને તે યથાર્થ દેખાય છે, દેખાય છે આ. ચાર પર્યાયની સાથે પાંચમી સિધ્ધની પર્યાય જોડી દીધી. આહાહા! ત્યારે જ્ઞેય પૂરું થાય છે. ચાર પર્યાયને જાણે અને સિધ્ધની પર્યાયને ન જાણે તો સ્વજ્ઞેય પૂરું થતું નથી.

મુમુક્ષુ: વાહ, વાહ!

પૂ. લાલચંદભાઈ: ખ્યાલ આવ્યો? આવી ગયું ખ્યાલ?

આ એક સેકંડમાં - એને તર્ક નથી આવતો, કોઈ દિવસ પૂછતી નથી. ખ્યાલ આવ્યો? તો કહે હા, આવી ગયો ખ્યાલ. કેમ કે વિષય પૂરો ત્યારે થાય સિધ્ધ પર્યાય જાણે ત્યારે સ્વજ્ઞેય પૂરું થાય છે. જો ચાર પર્યાયને જાણે તો સ્વજ્ઞેય પૂરું થતું નથી. ભલે ધ્યેય છે, પણ સ્વજ્ઞેય પૂરું નથી થતું. કેમ કે એ જીવના પરિણામ છે ને?

મુમુક્ષુ: અને આવવાનું છે એ પરિણામ.

પૂ. લાલચંદભાઈ: હા! આવવાનું છે. અવશ્ય આવવાનું છે ને!

મુમુક્ષુ: એનો દર્શન થાય છે.

પૂ. લાલચંદભાઈ: એનો દર્શન થાય છે.

મુમુક્ષુ: એને જાણે જ છે.

પૂ. લાલચંદભાઈ: જાણે જ છે.

જાણે સાક્ષાત્ કેવળી થયો હોય. આહાહા! એ જ્યારે લખ્યું એણે અને વાંચ્યું મેં, આહાહા!

મુમુક્ષુ: સિધ્ધ પર્યાયના દર્શન થાય છે તેથી ભવ્ય લીધો, અભવ્ય ન લીધો. ભવ્યને જ સિધ્ધ પર્યાય ..

પૂ. લાલચંદભાઈ: ભવ્યને, દ્રવ્યના દર્શન ભવ્યને થાય છે. અને ભવ્યને દર્શન થાય છે તો પૂર્ણ પર્યાયનું પણ જ્ઞાન એને, ભવ્યને થાય છે - એમ. એટલે પહેલા દ્રવ્ય લીધું અને પછી સિધ્ધ પર્યાય

લીધી. કેમ કે સિધ્ધ પર્યાયનું જ્ઞાન, દ્રવ્યના જ્ઞાન વગર થતું નથી કેમ કે સિધ્ધ પર્યાય પ્રગટ નથી, એ શક્તિરૂપે છે. તો શક્તિરૂપ દ્રવ્યને જાણ્યું તો દ્રવ્યમાં શક્તિરૂપ પર્યાયને જાણી લીધું. પછી પર્યાયને જાણ્યું એમ લીધું.

મુમુક્ષુ: એ જ ક્રમ છે.

પૂ. લાલચંદભાઈ: ક્રમ છે, અનુક્રમ છે. અનુક્રમ છે.

પૂરું જ્ઞેય થઈ ગયું. ખલાસ! આજે પૂરું જ્ઞેય થઈ ગયું! શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનના દર્શન થયા! જાણી લીધું, પાંચ પર્યાયને જાણી લીધું? કે હા! પાંચ(ને) જાણી લીધું. પૂરું જ્ઞેય થઈ ગયું, ખલાસ. આહાહા!

મુમુક્ષુ: પંચમકાળમાં પૂરું જ્ઞેય થઈ ગયું?

પૂ. લાલચંદભાઈ: હા! પંચમકાળમાં પૂરા જ્ઞેયની વાત છે. કાળ-બાળ છે નહિ આત્મામાં.

કાળનો કોળિયો કરી જાય એવો આત્મા છે. કાળ નડે નહિ એને. આરા-ફારા કેવા કે? ગુરુદેવ કહે 'આરા-ફારા કેવા?'.

મુમુક્ષુ: એને પર્યાય નડતી નથી.

પૂ. લાલચંદભાઈ: હા, નથી નડતી પછી શું નડે? અંદર જાવામાં કયાં કાંઈ નડે છે? દ્રવ્યના દર્શન કર ભાઈ. આહાહા! સિધ્ધ પર્યાયનું તને જ્ઞાન થઈ જશે. આહાહા! પણ આ કાળમાં સાહેબ? સમ્યગ્દર્શનનું જ્ઞાન તો થાય. અરે! અમે કહીએ છીએ સિધ્ધ પર્યાય, તારી સિધ્ધ પર્યાયને તું જાણી લઇશ. બહુ (અદભૂત) કુંદકુંદની વાણી અને અમૃતચંદ્રાચાર્યની ટીકા (પરિપૂર્ણ છે). માલ જ માલ બસ.

પૂ. લાલચંદભાઈ: માલામાલ! માલામાલ! ધ્યેયપૂર્વક જ્ઞેય થાય જ છે.

મુમુક્ષુ: પહેલા જે ચાર ગતિ લીધી એમાં એમ પણ આવે છે ને કે ચારેય ગતિમાં ધ્યેય પૂર્વક જ્ઞેય થાય છે.

પૂ. લાલચંદભાઈ: હા! ચારેય ગતિમાં ધ્યેય પૂર્વક જ્ઞેય થાય છે. તે એમાં(થી) નીકળે છે.

મુમુક્ષુ: ચાર પર્યાય - ચાર ગતિ લીધી ને!

પૂજ્ય લાલચંદભાઈ: હા! ચારગતિમાં કોઈ પણ ગતિમાં સમ્યગ્દર્શન થાય છે, તો સમ્યગ્દૃષ્ટિએ ધ્યેયને જાણ્યું તેને જ્ઞેય આવી ગયો પૂરો.

મુમુક્ષુ: હા! ચારગતિના જીવ સિધ્ધના દર્શન કરી શકે છે.

પૂ. લાલચંદભાઈ: હા! કરે છે, હા. સિધ્ધના દર્શન કરી શકે છે, ચારેય ગતિના જીવ. કાંઈ એમ નથી કે મનુષ્યગતિવાળો જીવ દર્શન કરે, દેવગતિવાળો કરે (અને) તિર્યંચ અને નારકી ન કરે - એવું નથી. કેમ કે નવા સમ્યગ્દ્રષ્ટિનો જન્મ ચારગતિમાં, કોઈ પણ ગતિમાં, થઈ જાય છે. મનવાળો પ્રાણી છે ને. (તે) ચાર ગતિમાં, કોઈ પણ ગતિ(માં) હો, એમાં શું છે? સમ્યગ્દર્શન થાય છે તો સિધ્ધ પર્યાયનું જ્ઞાન થઈ જાય છે એને.

મુમુક્ષુ: (જે) દ્રવ્યને જાણે છે તેને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થઈ જાય છે.

પૂ. લાલચંદભાઈ: થઈ જાય છે, જરુર થાય છે. અને ન્યાયથી, logic (યુક્તિથી) બેસે છે વાત,

એમાં કોઈ તર્કનો અવકાશ નથી. બેસી જાય છે બરાબર, એમાં શું છે?

મુમુક્ષુ: આપનું ધ્યેય પણ ગજબનું છે અને જ્ઞેય પણ ગજબનું છે. ધ્યેયમાં કોઈ પણ પરિણામનો પ્રવેશ નથી. જ્ઞાનની પર્યાયનો (પણ) પ્રવેશ નથી.

પૂ. લાલચંદભાઈ: નથી.

મુમુક્ષુ: એવો ધ્યેય સમયસાર. અને જ્ઞેયમાં, બધી પર્યાયનું જ્ઞાન થઈ જાય છે.

પૂ. લાલચંદભાઈ: એ વાતની સિદ્ધિ આજે પ્રવચનસારથી કરી. શાસ્ત્રથી સિદ્ધ કરવાથી મજા આવે છે. અનુભવની વાત કોઈ હોય તો પણ આચાર્ય ભગવાનને આગળ કરીને સિદ્ધ કરવામાં..., એ આચાર્ય ભગવાનનો વિવેક છે. બીજા જીવને શ્રદ્ધાનું એ કારણ થાય છે, નિમિત્ત કારણ આગમ થાય છે. અને સેંકડોં, હજારો, લાખોમાં કોઈ જીવ એવો હોય છે કે અનુભવી વાત કરે તો એ પકડી લ્યે છે. એને આગમનો સાથ (આધાર) આપીએ તો કહે કે 'આગમનો સાથ ન આપો, મને ખ્યાલ આવી ગયો' - એવો કોઈ જીવ હોય છે. General (સામાન્ય) સમાજની અંદર આગમના શ્રદ્ધાનથી એને સંતોષ થાય છે.

આહાહા! સિદ્ધ પર્યાય લખી પાંચ પર્યાયમાં. સિદ્ધ પર્યાયનું જ્ઞાન થાય છે? કે હા! થાય છે. જુઓ ૧૧૪ ગાથા. પ્રવચનસારની ગાથા (૧૧૪) જુઓ. એમ નથી લખ્યું કે શ્રુતજ્ઞાનનું જ્ઞાન થાય છે, સમ્યગ્દર્શનનું જ્ઞાન થાય છે - એમ નથી લખ્યું. સિદ્ધ પર્યાયનું જ્ઞાન થાય છે તો એના પેટામાં બધું આવી ગયું. એ તો આવી ગયું, સંવર-નિર્જરાનું જ્ઞાન થાય છે એ તો આવી ગયું. એ કહેવાની શું જરુર છે?

મુમુક્ષુ: હા! એટલું તો પોતે સમજો.

પૂ. લાલચંદભાઈ: હા! સમજો!

મુમુક્ષુ: દરેક વાત થોડી લખવામાં આવશે!

પૂ. લાલચંદભાઈ: હા, (દરેક વાત) લખાતી નથી.

મુમુક્ષુ: પછી જ્યારે પૂર્ણતાનું જ્ઞાન થાય છે તો અપૂર્ણતાનું જ્ઞાન તો આવી ગયું એમાં.

પૂ. લાલચંદભાઈ: આવી ગયું એમાં, આવી ગયું. ગજબની વાત છે! આગમમાંથી નીકળે ને, તો મને બહુ મજા આવે.

મુમુક્ષુ: આપના હૃદયમાં આગમ છે. આપ સ્વયં આગમ છો.

પૂ. લાલચંદભાઈ: એ ઠીક છે, પણ અમે તો...

મુમુક્ષુ: તેથી એમાંથી પણ એ જ નીકળે છે.

પૂ. લાલચંદભાઈ: સારી રીતે મેળ થઈ જાય છે. મેળની અપેક્ષા નથી પણ સહજ મેળ થઈ જાય છે. મેળ કરવા જતો નથી. મેળ એકાએક થઈ જાય છે.

આત્માની તાકાત અચિંત્ય છે, બસ. અચિંત્ય સામર્થ્યથી ભગવાન આત્મા ભરેલો છે. પાંચ મિનિટ છે બાકી, ૫.૩૦ બંધ કરવું, આજે ૪.૩૦ શરું થયું ને, એટલે.

આહાહા! બધો માલ જ્ઞાયકમાં ભર્યો છે. સિદ્ધ પર્યાય પણ જ્ઞાયકમાં ભરી છે, અંદરમાં ભરી છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય!

ફિરોજાબાદમાં ધ્યેય પૂર્વક જ્ઞેયની વાત ચાલી હતી. એનું વિશેષ સ્પષ્ટીકરણ, topmost (સર્વોચ્ચ) સ્પષ્ટીકરણ. સિદ્ધ પર્યાયને જાણે છે શ્રુતજ્ઞાની, બોલો! આહાહા! શું કલમ ચલાવી છે આપે! કે જેવી છે તેવી ચલાવી. અમને દર્શન સિદ્ધ પર્યાયના થાય છે (એવું) સાધક કહે છે, તેથી પાંચ પર્યાયને જ્ઞાન જાણે છે બસ. જાણે છે એ લખ્યું છે. એમણે શું લખ્યું? અમે જાણી લીધું (કે) પાંચ પર્યાયને જાણે છે શ્રુતજ્ઞાન. એવું અમે લખી દીધું. હેં? આહાહા! જાણી ને લખ્યું છે એમ, સાંભળીને નહિ (પણ) અનુભવ કરીને.

મુમુક્ષુ: સાંભળીને લખાય એવી વાત નથી.

પૂ. લાલચંદભાઈ: સાંભળીને લખાય એવી વાત જ ક્યાં (છે)!

મુમુક્ષુ: એવી વાત નથી આ.

મુમુક્ષુ: ઈન્દ્રિયજ્ઞાનથી સિદ્ધ પર્યાયના દર્શન ક્યાં થાય છે?

પૂ. લાલચંદભાઈ: નથી થતા. તો ક્યાંથી લખી શકે? ઈન્દ્રિયજ્ઞાન જો આત્માને, ધ્યેયને નથી જાણતો તો સાધ્યને ક્યાંથી જાણે? એ તો બધો અતીન્દ્રિયજ્ઞાનનો મહિમા છે, બસ. તાકાત અતીન્દ્રિયજ્ઞાનની છે બધી. સિદ્ધ પર્યાયને જાણવાની તાકાત અતીન્દ્રિયજ્ઞાનમાં છે, ઇન્દ્રિયજ્ઞાનમાં નથી.

મુમુક્ષુ: ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ નથી ને!

પૂ. લાલચંદભાઈ: ઇન્દ્રિયજ્ઞાન બહિર્મુખ છે, મૂર્તિક છે અને બંધનું કારણ છે - (એવા) ત્રણ વિશેષણ છે. પ્રવચનસારમાં આપ્યા છે તે.

આ સમયસાર અને પ્રવચનસાર આ બે શાસ્ત્ર સંધિના છે. આખા જિનાગમનો સાર છે. ધ્યેયની મુખ્યતા સમયસારમાં ભરી દીધી અને જ્ઞેયની મુખ્યતા પ્રવચનસારમાં ભરી દીધી. ધ્યેય પૂર્વક જ્ઞેય થાય છે, બસ. બેમાં(થી) કોઈ શાસ્ત્ર ગૌણ કરવો નહિ. છે બસ, એમ જાણવું.

મુમુક્ષુ: ધ્યેય પૂર્વક જ્ઞેય જિનાગમનો સાર છે.

પૂ. લાલચંદભાઈ: જિનાગમનો સાર છે. ધ્રુવના દર્શન થયા તો ઉત્પાદ-વ્યય-ધ્રુવનું જ્ઞાન થઈ જાય છે. શરત ધ્રુવની છે, પહેલી શરત, અનુક્રમ ધ્રુવનો છે.

મુમુક્ષુ: એ તો શરત main (મુખ્ય) છે.

પૂ. લાલચંદભાઈ: main છે. ધ્રુવને જેણે જાણ્યું તેણે ઉત્પાદ-વ્યયને જાણ્યું, બસ! પર્યાયને જાણ્યું. ભવ્યને બન્નેનું જ્ઞાન થાય છે.

મુમુક્ષુ: આ તો બહુ સરસ. એકદમ યથાર્થ વાત છે. પરમ સત્ય વાત છે.

પૂ. લાલચંદભાઈ: એની તાકાત કેવી કે સિદ્ધપર્યાયને જાણે, બોલો! આહાહા! ચામડાને ન દેખ, હરણિયાના ચામડાંને ન દેખ, સિંહના ચામડાને ન દેખ. આહાહા! (મહાવીર) ભગવાન થઈ ગયો એ તો, સિંહના ભવમાં સમ્યગ્દર્શન થયું. અંતર્મુહૂર્ત પહેલાં હિંસાના પરિણામ, તીવ્ર હિંસાના, સંજ્ઞી પંચેન્દ્રિયનો ઘાત કર્યો, બોલો! મોઢામાં આહાહા! અભક્ષ્ય મોઢામાં ભર્યું હતું. મોઢું ધોવા ગયો નહિ. કોગળા કરવા ન ગયો. કોગળા કરે છે ને! આમ ઉપરથી આવ્યા. પરિણામ ફરી ગયા. આહાહા! આ કોણ? બોલો! પરિણતિ મંડી ફરવા. આહાહા! કષાયની તીવ્રતા હતી, કષાયની મંદતા

થવા મંડી, વિશુદ્ધિલબ્ધિ. આહાહા! પરિણામ કૂણા થવા મંડ્યા. અને જ્યાં દેશનાલબ્ધિ છૂટી (અંતર્મુખ થઈ ગયો). અમે સાંભળીને આવીએ છીએ મહાવિદેહ ક્ષેત્રમાંથી, તમે ૨૪માં તીર્થંકર થવાના છો. અરે! આહાહા! બોલો!

ગુરુદેવ કહે 'એની ભાષા શું? એણે સાંભળ્યું શું? એણે પકડ્યું શું?' ગુરુદેવે તો બધું.. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે ને, કાંઈક શબ્દો દ્વારા, કાંઈક ઇશારા દ્વારા, બધું સમજી શકે. મનવાળો પ્રાણી છે ને, કે કાંઈક મારા હિતની વાત કરે છે.

મુમુક્ષુ: અરે! મનુષ્ય તો સિંહને જોઈને દૂર ભાગે છે.

પૂ. લાલચંદભાઈ: દૂર ભાગતા હતા. (પણ) આ શું?

મુમુક્ષુ: આ કેવા મનુષ્ય છે કે ઉપરથી આવી રહ્યા છે અને મારા નજીક જ આવી રહ્યા છે.

પૂ લાલચંદભાઈ: નજીક આવી રહ્યા છે, નીડર!

મુમુક્ષુ: હા! નીડર થઈને. મારા હિતની વાત કહેવા માટે મારી પાસે આવી રહ્યા છે.

પૂ. લાલચંદભાઈ: આવી રહ્યા છે. બોલો! પરિણામ પલટયા. આહાહા! સિંહે ભગવાનના દર્શન તો કર્યા પણ સિદ્ધપર્યાયના દર્શન કરી લીધા. હેં! પાંચ પર્યાયને જાણી લીધું જ્ઞાને એવું જ્ઞાન પ્રગટ થઈ ગયું. ગજબની વાત છે. આહાહા!

સમયસાર અને પ્રવચનસાર પૂર્ણ છે બસ. બાર અંગ, બેય શાસ્ત્રમાં બાર અંગ ભરેલું છે, બાર અંગનું જ્ઞાન. ઉત્પાદ સત્, વ્યય સત્, ધ્રુવ સત્ એ પ્રવચનસારમાં (ગાથા ૧૦૭) છે. .લ્યો, થઈ ગયો ટાઈમ, બહેન!